# યુવાનો ફરજ કરતાં હક્કને વધુ મહત્ત્વ આપે છે ?

અન્ના હજારે સાહેબે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન ચલાવ્યું. જેમાં તેમને જેટલી સફળતા મળી તેમાં ભારતના યુવાનોનો ફાળો અનન્ય રહ્યો હતો. અન્ના હજારેને જો યવા વર્ગનો સાથસહકાર ન મળ્યો હોત તો આ આંદોલનને ક્યારે અને કેટલી સફળતા મળી હોત તે વિચારવું જ રહ્યું. સરકારે પણ આ આંદોલન સામે સમાધાનકારી વલણ અપનાવ્યું તેમાં વિવિધ વર્ગોના લોકોનો સાથ સહકાર હતો જ, પણ યુવાનોનું પ્રદાન કોઈપણ વ્યક્તિને આંખે ઊડીને વળગે તેવું રહ્યું છે. સરકારે પણ યુવાનોના આ મિજાજને જોયો અને પારખ્યો પણ ખરો. અન્ના હજારેજીના આ આાંદોલનને કારણે યુવાનો ખૂબ જ જાગૃત થયા. અન્ના સાહેબ યુવાનોને આકર્ષી શક્યા તેની પાછળનું કારણ ભ્રષ્ટાચાર જ હતો. બીજા કોઈ મુદ્દા માટે જો આ આંદોલન હોત તો કદાચ યુવાવર્ગ આટલા પ્રમાણમાં ન પણ જોડાયો હોત. અન્નાજીની વાત સૌ આમ આદમીને સ્પર્શ કરતી હતી. આજના યુવાનને ભ્રષ્ટાચાર સહેજ પણ પસંદ નથી. તેને પોતાના હક્કો મળવા જ જોઈએ તેમ તે માને છે. એટલું જ નહીં પોતાના હક્કો કોઈ વિઘ્ન – મુશ્કેલી વગર પ્રાપ્ત થવા જોઈએ. પોતાના હક્કો મેળવવા તેને લાંચ આપવી પસંદ નથી કે નથી પસંદ કોઈને લાગવગ કરવી. આજના મોટાભાગના યુવાન માને છે કે તેને પોતાની શક્તિ મુજબ કામ – નોકરી મળવાં જોઈએ, આ માટે વર્તનવ્યવહારથી કે શરીરથી કે પૈસાથી થતું ભ્રષ્ટ આચરણ તેને સહેજ પણ પસંદ નથી, જે મેળવવા તે આંદોલનને સાથસહકાર આપે જ તેમાં નવાઈ ન લાગવી જોઈએ. અરે સાથ સહકાર જ નહીં તેઓ રસ્તા પર પણ ઉતરી આવવા ખચકાય નહીં. તેમની આ વિચારસરણી માટે તેઓ ધન્યવાદને પાત્ર છે, તેમની આ વિચારસરણીને પ્રોત્સાહન મળવું જોઈએ, કોઈ ઠેસ પહોંચવી ન જોઈએ.

યુવાનોના ઉપરોક્ત વર્તનવ્યવહાર અને વિચારસરણીથી તેમના માટે માન તો ઉપજ્યું જ, પણ સાથે તેમના અન્ય કેટલાક વર્તન અને વિચારસરણીથી ઘણું દુ:ખ થાય છે. કારણ કે, તેઓ તેમના હક્ક માટે જેટલા જાગૃત બન્યા છે, તેટલા જાગૃત તેમની ફરજ પ્રત્યે બન્યા છે ? તેઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના શિક્ષકો અને આપણે સૌએ તેમને શીખવ્યું હતું કે, હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે. આપણે જ્યારે હક્ક મેળવવા કે ભોગવવા માંગતા હોઈએ ત્યારે ફરજ પણ બજાવવી જોઈએ. મેં અનુભવ્યં છે અને જોયું છે તે મુજબ આપણા ભારત દેશમાં લોકો ફરજ કરતાં હક્ક પ્રત્યે વધુ જાગૃત છે, જ્યારે પરદેશમાં તેનાથી વિપરિત લોકો હક્ક કરતાં ફરજ પ્રત્યે વધારે જાગૃત છે. આજના યુવાનો હક્ક માટે જેટલા જાગૃત છે, તેટલા ફરજ પ્રત્યે જાગૃત નથી તેના કેટલાક ઉદાહરણો અહીં રજૂ કરું છું . જેનો અનુભવ દરેક આમ આદમીને થયો જ હશે, જેના કારણે તે દુ:ખી પણ થયા હશે.

પ્રથમ ઉદાહરણ રજૂ કરું તો, યુવાન ભાઈ-બહેનો વાહન ચલાવતા ટ્રાફિકના નિયમોનું પાલન કેટલા અંશે કરે છે ? વાહન ચલાવતા તમારી ફરજ બને છે કે, તમારા કારણે કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં તો નથી મુકાતી ને ? તમારા કારણે કોઈ પરેશાન તો નથી થતું ને ? તમે કેટલી સ્પીડમાં વાહન ચલાવો છો ? કેવી રીતે ચલાવો છો ? કોઈની સાઈડ કેવી રીતે કાપો છો ? ચાર રસ્તા પર તમે તમારું વાહન ક્યાં ઊભુ રાખવાનું પસંદ કરો છો ? પોલીસ તમને રોકવાનો પ્રયત્ન કરે તો તમે શું કરો છો ? વગેરે વગેરે.

દોસ્તો, અહીં જ અમને સૌને દુ:ખ થાય છે કે, હક્ક પ્રત્યે સભાન બનેલો યુવક ફરજ પ્રત્યે કેમ બેદરકારી દાખવે છે ?

બીજું ઉદાહરણ રજુ કરતાં ખૂબ જ શંકોચ અને ખૂબ જ દુ:ખ થાય છે. આજે કોલેજોમાં સ્કૂટર પર બેહેલા યુવાનો કે રસ્તા પર ધીંગામસ્તી કરતા યુવાનોના મોઢામાંથી લગભગ દરરોજ અપશબ્દો સાંભળવા મળે છે. એવા અપશબ્દો કે જેને ગુજરાતી ભાષામાં નિસિદ્ધ શબ્દો કહેવામાં આવે છે, જે શબ્દોને હું અહીં રજૂ કરી શકું નહીં. ખૂબ જ ગંદા શબ્દો વારંવાર, વાત વાતમામ બોલતો આ યુવાન કેમ વિચારતો નથી કે, વડિલ કે અન્ય વ્યક્તિને સંભળાય તેમ મારે આવા શબ્દો બોલવા ન જોઇએ. અને ભારોભાર દુ:ખ એ વાતનું છે કે આ યુવાનો અભણ નથી. કોલેજના મેદાનમાં કે લોબીમાં જોવા મળતા, ભણવા માટે કોલેજ જતાં યુવાનોના શબ્દો છે. કોલેજોના સંડાસ-બાથરૂમમાં જશો તો ત્યાં પણ દીવાલ પર અપશબ્દો લખેલા જોવા મળે છે. આવું કરનાર યુવાનોની સંખ્યા ઓછી હોય છે, છતાં તેમને આવા સંસ્કાર કોણ આપે છે ? મા-બાપ કે શિક્ષક તરફથી આવા સંસ્કાર ન જ મળતા હોય, ત્યારે તેઓ તેમના જ મિત્રો કે જે યુવાન જ હશે તેમની પાસેથી કે તેમનું જોઇને જ શીખતા હશે.

આજના કેટલાક યુવાનો પાન મસાલા કાઇને ગમે ત્યાં પિચકારી મારીને જે તે જગ્યાને ગંદી કરતા હોય છે. અહી તેમની કોઇ ફરજ બને ખરી ? યુવાનો માટેની આ બાબત અંગે મારા સાથી અધ્યાપક બહેને જણાવ્યું કે, હું બસમાં અપડાઉન કરું છું, ત્યારે બસમાં બેહેલા કેટલાક યુવાનો પોતાના મોબાઇલ પરથી મોટો અવાજ રાખીને ફિલ્મી ગીતો સાંભળતા હોય છે. જે પેસેન્જરને ગમતું હોતું નથી, છતાં બિચારા પેસેન્જર સહન કરે છે.

ઉપરોક્ત જેવા અનેક ઉદાહરણો તમને પણ યાદ આવ્યા હશે. ત્યારે થાય છે કે, આજનો ભણેલો ગણેલો, જાગૃત ગણાતો ,પોતાના હક્ક માટે કે ભ્રષ્ટાચાર માટે આંદોલનમાં જોડાતો આ યુવાન ફરજ બજાવવામાં પાછી પાની કેમ કરે છે ? સિવિલ સોસાયટીના સૌ સભ્યે જેમાં હું અને તમે પણ આવી ગયા, બધાંએ વિચારવું પડશે. યુવાન હક્ક માટે લડે અને મેળવે તે સારી બાબત છે, પણ ફરજ પ્રત્યેની ઉદાસીનતા કેમ સ્વીકારી શકાય ? લોકોને ફરજ બજાવતા કરવા માટે પણ આંદોલન ઉપાડવું પડશે. એ માટે કોઇ અન્ના હજારે બને અને સૌ યુવાન અને વડિલો તેમાં જોડાય તેવી અપેક્ષા.

**dr.ashokpatel@in.com**